## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની સફળ રજુઆત....

## ભારત સરકાર EPCG સ્કીમના લાઇસન્સ માં છ માસ ની મુદત વધારવામાં આવી.

ભારત દેશ કોરોના વાઈરસની મહામારી સામે લડત આપી રહયું છે અને હાલમાં લોકડાઉન ચાલી રહયું છે. અને ઉદ્યોગકારોના વેપાર-ધંધા બંધ થઈ ગયેલ છે. ત્યારે નિકાસકારોને આગામી સમયમાં વધુ સવલતો મળે તે માટે રાજકોટ ચેમ્બર દ્વારા DGFT ન્યુ દિલ્હીને EPCG સ્કીમના લાયસન્સમાં મુદત વધારી આપવા રજુઆત કરાયેલ. ભારત સરકારની આ સ્કીમમાં કોઈપણ ઉત્પાદક કોઈપણ શુલ્ક કસ્ટમ ડયુટી. એકસાઈઝ ડયુટી, વેટ, GST ભર્યા વગર મશીન ખરીદી શકે પરંતુ સામે તેઓએ આ બચાવેલ ડયુટીના ૬ ગણિ નિકાસ ૬ વર્ષમાં કરવાની હોય છે. જેથી DGFT પબ્લીક નોટીસ ૬૭/૩૧-૩-૨૦૨૦ અનુસંધાને નિકાસકારો EPCG અંદર એકસપોર્ટ  કરી શકેલ નથી. તેના માટે ભારત સરકાર તરફથી વધુ એક તક આપવામાં આવેલ છે. જેના EPCG લાયસન્સના એકસપોર્ટની તારીખ ૧-૨-૨૦૨૦ થી ૩૧-૭-૨૦૨૦ સુધીમાં પુરા થતા હતા તેને લોકડાઉનના કારણે ૬ માસ સુધી લંબાવવામાં આવેલ છે. વધુમાં જે EPCG ૬ વર્ષ કે ૮ વર્ષમાં શરતો મુજબ નિકાસ કરી શકેલ નથી તેમને બ્લોક એક્ષટેન્શન કે એક્ષપોર્ટ એક્ષટેન્શનની અરજી તમામ દસ્તાવેજી પુરાવા સાથે DGFT ઓફિસમાં તા.૩૧-૩-૨૦૨૧ પહેલા જમા કરાવવાની રહેશે. આ બાબતે અત્યાર સુધી રૂા.૫૦૦૦/- ની પેનલ્ટી હતી તે પણ DGFT એ માફ કરેલ છે. તેમજ જે અરજદારોએ નિશ્ચિત સમય મર્યાદામાં ઈન્સ્ટોલેશન સર્ટીફીકેટ નાખેલ નથી તેની રૂા.૫૦૦૦/- ની પેનલ્ટી પણ DGFT એ માફ કરેલ છે. આ સંદર્ભે વધુ માહિતી માટે DGFT ની વેબસાઈટ www.dgft.gov.in ઉપર પબ્લીક નોટીસ ૧/૭-૪-૨૦૨૦ ધ્યાને લેવી. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરેલ રજુઆતને સફળતા મળેલ છે.